# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-10-2023** **Morning : 7.45 to 7.55**
**Day : SUNDAY** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

---

- કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યુ છે કે દેશમાંથી આતંકવાદને સંપૂર્ણ નાશ  કરવાનો સમય આવી ગયો છે.
- શેરડીના ખેડૂતોને લાભ આપવા મોલસિસ પરનો જીએસટી 28 ટકાથી ઘટાડીને 5 ટકા, 70 ટકા બાજરી સાથે લોટ પર શૂન્યથી 5 ટકા નો જીએસટી
- તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસન ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આજે નવી દિલ્હી પહોંચશે –
- ભારતીય હવાઈ દળ આજે તેનો 91મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે
- અફઘાનિસ્તાનમાં આવેલા 6.3ની તીવ્રતાના ભૂકંપમાં ઓછામાં ઓછા 120  લોકો માર્યા ગયા છે અને એક હજાર થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા
- આંતરરાષ્ટ્રીય એક દિવસીય  ક્રિકેટ વિશ્વ કપમાં આજે ભારત નો મુકાબલો ઓસ્ટ્રેલિયા સામે થશે.

..........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE UTTARAKHAND- AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, દેશમાંથી આતંકવાદને જડમૂળથી ઉખાડી નાખવાનો સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે, આતંકવાદનો સામનો કરવા માટે આપણે હવે ઝીરો ટોલરન્સ વ્યૂહરચના અને ઝીરો ટોલરન્સ એક્શન તરફ કામ કરવું પડશે.

શ્રી શાહે ગઇકાલે દેહરાદૂનમાં આયોજિત 49મી ઓલ ઈન્ડિયા પોલીસ સાયન્સ કોંગ્રેસને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ભારતની પ્રગતિ માટે દેશની કાયદો અને વ્યવસ્થા, આંતરિક સુરક્ષા અને સરહદની સુરક્ષાને મજબૂત કરવી પડશે. શ્રી શાહે કહ્યું કે, છેલ્લા નવ વર્ષમાં કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીર, ડાબેરી ઉગ્રવાદી પ્રદેશ અને ઉત્તર-પૂર્વમાં કાયદો અને વ્યવસ્થા સુધારવામાં નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે. અગાઉ ગૃહમંત્રીએ ટિહરી જિલ્લાના નરેન્દ્ર નગર ખાતે કેન્દ્રીય પ્રાદેશિક પરિષદની 24મી બેઠકની અધ્યક્ષતા પણ કરી હતી..

---

-રીપીટ

# REV. EVE GST COUNCIL MEETING-1

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં ગઇકાલે નવી દિલ્હીમાં 52મી GST કાઉન્સિલની બેઠક યોજાઈ ગઈ.. બેઠકમાં કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીની સાથે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના નાણા મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, GST એપેલેટ ટ્રિબ્યુનલ્સ ઉપરાંત મિલિટેસ અને દાળ પરના GST વિશે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા.. તેમણે કહ્યું કે, જીએસટી કાઉન્સિલે મોલાસીસ પર GST દર 28 ટકાથી ઘટાડીને 5 ટકા કરવાનો નિર્ણય લીધો છે જેનાથી શેરડીના ખેડૂતોને ફાયદો થશે.

નાણામંત્રીએ વધુમાં એમ પણ જણાવ્યું કે, 70 ટકા બાજરીનો લોટ ધરાવતા હોય તેવા લોટ છૂટક અને લેબલ વગર અન્ય સ્વરૂપે વેચવામાં આવે તો તેમાં જીએસટી લાગુ નહીં પડે. વધુમાં ઉમેર્યું કે, જો લોટ પેકેજમાં લેબલ લગાવી વેચવામાં આવે તો તેના પર 5 ટકા GST લાગશે. GST એપેલેટ ટ્રિબ્યુનલ અંગેના સુધારા વિશે વાત કરતાં, તેણીએ કહ્યું, ટ્રિબ્યુનલના અધ્યક્ષનો કાર્યકાળ મહત્તમ 70 વર્ષ સુધીનો રહેશે જ્યારે સભ્યોનો કાર્યકાળ મહત્તમ વય મર્યાદા 67 વર્ષનો રહેશે.

નાણામંત્રીએ એમ પણ કહ્યું કે, GST કાઉન્સિલે રાજ્યોને એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ પર ટેક્સ લગાવવાનો અધિકાર સોંપ્યો છે. GST કાઉન્સિલે માનવ વપરાશ માટે આલ્કોહોલિક દારૂના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતા એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલને GSTની બહાર રાખવાની ભલામણ કરી છે.

GST કાઉન્સિલે પાણી પુરવઠા, જાહેર આરોગ્ય, સ્વચ્છતા સંરક્ષણ, ઘન કચરા વ્યવસ્થાપન અને ઝૂંપડપટ્ટી સુધારણા અને સરકારી સત્તાવાળાઓને પૂરી પાડવામાં આવતી અપગ્રેડેશનની સેવાઓને મુક્તિ આપવાની ભલામણ પણ કરી છે.

# REV. EVE GST COUNCIL MEETING-2

કાઉન્સિલે એવી પણ ભલામણ કરી હતી કે ભારતીય રેલ્વે દ્વારા તમામ માલસામાન અને સેવાઓના પુરવઠા પર ફોરવર્ડ ચાર્જ મિકેનિઝમ હેઠળ કર લાદવામાં આવશે, જેથી તેઓ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી શકે જે ભારતીય રેલ્વે માટે ખર્ચમાં ઘટાડો કરશે.

---

-રીપીટ

# TANZANIA-INDIA

તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સામિયા સુલુહુ હસન ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આજે નવી દિલ્હી પહોંચશે.

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિનું આવતીકાલે રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવશે અને ત્યારબાદ તેઓ રાજઘાટ પર આયોજિત પુષ્પાંજલિ અર્પણ સમારોહમાં ભાગ લેશે. બાદમાં તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે અને બંને દેશો વચ્ચે સમજૂતી કરાર કરાશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ ભવનમાં  તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ સાથે ઔપચારિક બેઠક પણ કરશે. તાંઝાનિયાના રાષ્ટ્રપતિની ભારત મુલાકાત ૮ વર્ષથી વધુ સમય બાદ થઈ રહી છે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- જયેશ વેગડા-(નવીન)

# ASSAM-AYUSH HOSPITALS

કેન્દ્રીય આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલે આસામમાં 6 નવી આયુષ હોસ્પિટલો બનાવવાની જાહેરાત કરી છે. ગઇકાલે માજુલી ખાતે 50 પથારીની આયુષ હોસ્પિટલનું ઉદ્ઘાટન કરતાં શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે કલિયાબોર, મોરીગાંવ, કોકરાઝાર અને બક્સામાં 50 પથારીની ચાર હોસ્પિટલો બનાવવામાં આવશે, જ્યારે 30 પથારીની હોસ્પિટલ દીપુમાં અને 10 પથારીની હોસ્પિટલ બજાલી ખાતે બનાવવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આસામમાં 289 આયુષ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો કાર્યરત છે, જ્યારે રાજ્યમાં આવા વધુ 200 કેન્દ્રો ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. શ્રી સોનોવાલેએ પણ જાહેરાત કરી છે કે આસામના તમામ જિલ્લાઓમાં કુલ 100 આયુષ દવાખાનાની સ્થાપના કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ પરંપરાગત દવા અને આરોગ્યસંભાળ પ્રણાલીને જબરદસ્ત પ્રોત્સાહન મળ્યું છે

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- જયેશ વેગડા-(નવીન)

# ASSAM-ADIVASHI

આસામ સરકાર આજે ગુવાહાટીમાં 1 હજાર 182 આદિવાસીઓને 4 લાખ રૂપિયાની આર્થિક સહાય આપશે. આ તમામ આદિવાસીઓ અગાઉ ઉગ્રવાદી ગતિવિધિઓ સાથે સંકળાયેલા હતા અને આ વર્ષે 5 જુલાઈના રોજ તેઓ શસ્ત્રો મૂકીને મુખ્ય પ્રવાહમાં જોડાયા હતા.

આ તમામ લોકો ટ્રાઈબલ કોબ્રા મિલિટ્રી, ઓલ ટ્રાઈબલ નેશનલ લિબરેશન આર્મી, બિરસા કમાન્ડો ફોર્સ, ટ્રાઈબલ પીપલ્સ આર્મી અને સંથાલ ટાઈગર ફોર્સ સાથે સંકળાયેલા હતા.

આ ઉગ્રવાદી જૂથોએ ગયા વર્ષે કેન્દ્ર અને આસામ સરકાર સાથે ત્રિપક્ષીય શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આત્મસમર્પણ કરનારા સૌથી વધુ 453 લોકો આદિવાસી કોબ્રા મિલિટરીના છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા આજે દરેકને 4 લાખ રૂપિયાનો ચેક અર્પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- જયેશ વેગડા -(નવીન)

# INDIAN AIR FORCE

ભારતીય હવાઈ દળ આજે તેનો 91મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે.

આ પ્રસંગે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં બમરૌલી હવાઈ દળ કેન્દ્ર ખાતે પરેડનું આયોજન કરાયું છે અને ઓર્ડનન્સ ડેપો પાસે સંગમ વિસ્તારમાં હવાઈ કરતબો બતાવવામાં આવશે. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

રાજ્યના ઔદ્યોગિક વિકાસ મંત્રી નંદ ગોપાલ ગુપ્તાએ જણાવ્યું હતું કે હવાઈ દળના વડા એર ચીફ માર્શલ વી.આર. ચૌધરી, ભૂમિ દળના વડા જનરલ અનિલ ચૌહાણ અને સેન્ટ્રલ  એર કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ એર માર્શલ આર.જી.કે. કપૂર પણ ઉપસ્થિત રહેશે.

એરફોર્સ આજે તેનું નવું પ્રતિક ચિહ્ન બહાર પાડશે. બમરૌલીમાં ઔપચારિક પરેડમાં સ્કાય પેરા  જમ્પર્સ તેમના કરતબો બતાવશે. પ્રથમ વખત મહિલા અગ્નિવીરની બટાલિયનને પણ  પરેડમાં સામેલ કરવામાં આવી છે. હવાઈ પ્રદર્શનમાં લડાકુ વિમાન રાફેલ પણ સામેલ  કરવામાં આવશે. પ્રથમ વખત, 5 હેલિકોપ્ટરની ટીમ - સારંગ પણ પ્રદર્શનમાં ભાગ લઈ રહી છે. આ ઉપરાંત, સ્કાય ગંગા ડિસ્પ્લે ટીમ પણ એક્શનમાં હશે.

આ કાર્યક્રમમાં મિગ-21ને ઔપચારિક વિદાય આપવામાં આવશે અને પરિવહન વિમાન C-295ને હવાઈ દળમાં સામેલ કરવામાં આવશે.

પ્રયાગરાજ જિલ્લા પ્રશાસને જણાવ્યું છે કે સંગમ, અરૈલ ઘાટ, ઝુંસી, શાસ્ત્રી પુલ અને આસપાસના વિસ્તારોમાંથી હવાઈ કરતબો સરળતાથી જોઈ શકાશે. એક અંદાજ મુજબ પાંચ લાખથી વધુ લોકો હવાઈ કરતબો નિહાળશે.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- જયેશ વેગડા-(નવીન)

# SIKKIM-FLOODS

સિક્કિમમાં આવેલા પૂરમાં મુત્યુઆંક વધીને 30 થયો. સિક્કિમ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું કે, સિક્કિમમાં 4 ઓક્ટોબરે તિસ્તા નદીના તટપ્રદેશમાં હિમવર્ષાથી ભરાયેલા લોનાક સરોવરમાં અચાનક પૂર આવ્યા બાદ સિક્કિમમાં 09 ભારતીય સૈન્યના જવાનો સહિત 81 ગુમ થયા બાદ મૃત્યુઆંક વધીને 30 થયો હતો. કુલ 1320 મકાનોને ભારે નુકસાન થયું હતું અને 2563 લોકોને બચાવી લેવાયા હતા, 26 વ્યક્તિઓને ઇજા પહોંચી હતી.

30 રાહત શિબિરોમાં 7 હજાર 25 લોકો આશરો મેળવી રહ્યા છે. તિસ્તા નદીના તટપ્રદેશમાં અચાનક પૂરના કારણે 13 પુલ ધોવાઈ ગયા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- સિમ્પલ -(નવીન)

# AFGHANISTAN QUAKE

અફઘાનિસ્તાનમાં આવેલા 6.3ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપમાં ઓછામાં ઓછા 120 લોકો માર્યા ગયા છે અને એક હજારથી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. ભૂકંપનું કેન્દ્ર હેરાત શહેરથી 40 કિલોમીટર ઉત્તર પશ્ચિમમાં હતું, ભૂકંપના કારણે ઘણી ઇમારતો ધરાશાયી થઈ ગઈ હતી અને સેંકડો લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

હેરાત ઈરાની સરહદથી 120 કિલોમીટર પૂર્વમાં આવેલું છે અને તેને અફઘાનિસ્તાનની સાંસ્કૃતિક રાજધાની માનવામાં આવે છે. 2019 ના વિશ્વ બેંકના ડેટા અનુસાર હેરાત પ્રાંતમાં 1.9 મિલિયન લોકો રહે છે. અફઘાનિસ્તાનમાં વારંવાર ભૂકંપ આવે છે ખાસ કરીને હિંદુકુશ પર્વતમાળામાં કારણ કે તે યુરેશિયન અને ભારતીય ટેકટોનિક પ્લેટોના જંકશન નજીક સ્થિત છે. ગયા વર્ષે જૂનમાં પક્તિકા પ્રાંતમાં 5.9 તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં એક હજારથી વધુ લોકો માર્યા ગયા હતા અને હજારો ઘર વિહોણા થયા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- જયેશ વેગડા -(નવીન)

# CRICKET-WORLD CUP

આંતરરાષ્ટ્રીય એક દિવસીય ક્રિકેટ વર્લ્ડ કપમાં આજે ટીમ ઈન્ડિયા ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. મેચ બપોરે બે વાગ્યે શરૂ થશે.

અગાઉ, ગઈકાલે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દક્ષિણ આફ્રિકાએ શ્રીલંકાને 102 રને પરાજય આપ્યો હતો. દક્ષિણ આફ્રિકાએ નિર્ધારિત 50 ઓવરમાં 5 વિકેટે 428 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. વેન ડેર ડ્યુસેન, માર્કરામ અને ડી કોકે ઝડપી સદી ફટકારી હતી જે વિશ્વ કપમાં ટીમ દ્વારા સૌથી વધુ હતી. શ્રીલંકા તરફથી દિલશાન મદુશંકાએ બે વિકેટ ઝડપી હતી. લક્ષ્યનો પીછો કરતા શ્રીલંકા 44.5 ઓવરમાં 326 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. દક્ષિણ આફ્રિકા તરફથી ગેરાલ્ડ કોએત્ઝીએ 3 વિકેટ ઝડપી હતી.

અન્ય એક મેચમાં બાંગ્લાદેશે અફઘાનિસ્તાનને ધર્મશાલા ખાતે છ વિકેટે પરાજય આપ્યો હતો અફઘાનિસ્તાનની ટીમ માત્ર 37.2 ઓવરમાં 156 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ તરફથી ગુરબાઝે સૌથી વધુ 47 રન બનાવ્યા હતા. બાંગ્લાદેશ તરફથી શાકિબ અને મેહીદીએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

. . . . . . . . . . . . . . . . . . .

પુલ- જયેશ વેગડા -(નવીન)

# ASIAN GAMES-1

**ચીનના હાંગઝોઉ ખાતે રમાઇ રહેલી એશિયન ગેમ્સમાં ભારતે 28 સુવર્ણ, 38 રજત અને 41 કાંસ્ય સહિત 107 ચંદ્રકો મેળવ્યા છે. આ પ્રથમ વખત છે જ્યારે ભારતે સો મેડલનો ઐતિહાસિક સીમાચિહ્ન પાર કર્યો છે. ઓલિમ્પિક્સ, કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ- ત્રણ મુખ્ય રમતોમાંથી કોઈપણમાં ભારતે 100થી વધુ મેડલ જીત્યા હોય તેવો આ માત્ર બીજો પ્રસંગ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નવી દિલ્હીમાં 2010 કોમનવેલ્થ ગેમ્સમાં 101 મેડલ જીત્યા હતા.**

**તાજેતરનો ચંદ્રક પુરુષોની કબડ્ડી ટીમે જીત્યો, તેઓએ ઈરાન સામે 33-29થી સુવર્ણ મેડલ જીત્યો હતો. અફઘાનિસ્તાન સામેની ફાઇનલ મેચ વરસાદને કારણે રદ્દ થયા બાદ પુરૂષ ક્રિકેટ ટીમે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.**

ભારતીય પુરુષ અને મહિલા ચેસ ટીમે રજત ચંદ્રક મેળવ્યો હતો.

**કુસ્તીમાં, દીપક પુનિયાએ પુરુષોની 86 કિગ્રા ફ્રી સ્ટાઇલ કેટેગરીમાં** રજત ચંદ્રક **જીત્યો. મહિલા હોકી ટીમે જાપાનને 2-1થી હરાવીને ભારતે વધુ એક કાંસ્ય ચંદ્રક અપાવ્યો..**

**બેડમિન્ટનમાં પુરુષ ડબલ્સમાં ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડીની જોડીએ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. એશિયન ગેમ્સમાં ભારતે બેડમિન્ટનમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે. તેઓએ દક્ષિણ કોરિયાના ચોઈ સોલગ્યુ અને કિમ વોન-હોને સીધી સેટમાં 21-18 અને 21-16થી હરાવ્યાં. અન્ય સુવર્ણ ચંદ્રકોમાં મહિલા કબડ્ડી અને પુરુષોની વ્યક્તિગત તીરંદાજી કમ્પાઉન્ડ ઈવેન્ટ્સમાં જીત્યા હતા.**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતીય ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવતાં એક પોસ્ટમાં જણાવ્યું છે કે, પ્રતિસ્પર્ધા દરમિયાન ભારતીય ખેલાડીઓએ સંપૂર્ણ ક્ષમતા અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું છે. દેશને તેમના ઉપર ગર્વ છે.

# ASIAN GAMES-2

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતના ખેલાડીઓએ એશિયન ગેમ્સમાં 100 ચંદ્રકોનો માઇલસ્ટોન પાર કર્યો છે. 10મી ઑક્ટોબર 2023એ, એશિયન ગેમ્સની ટુકડી સ્વદેશ પરત ફરતા પ્રધાનમંત્રી ખેલાડીઓ સાથે વાર્તાલાપ કરશે. દેશ માટે એકસોમો ચંદ્રક મહિલા કબડ્ડી ટીમે જીત્યો હતો. ભારતે રોમાંચક મેચમાં તાઈપેઈને 26-25થી હરાવ્યું. પ્રધાનમંત્રીએ ઐતિહાસિક જીત બદલ ટીમ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, આ જીત અમારી મહિલા ખેલાડીઓની અદમ્ય ભાવનાનો પુરાવો છે.

કેન્દ્રિય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે પણ એશિયાઇ રમતોત્સવમાં એકસો ચંદ્રકથી વધુ ચંદ્રકો પ્રાપ્ત કરવા બદલ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

પુરૂષોની વ્યક્તિગત કમ્પાઉન્ડ તીરંદાજીની ફાઇનલમાં, ઓજસ દેવતાલે ગોલ્ડ જ્યારે અભિષેક વર્માએ રજત ચંદ્રક મેળવ્યો હતો. દેવતાલે 149ના અંતિમ સ્કોર સાથે માત્ર બે પોઈન્ટથી જીત હાંસલ કરી.. આ સાથે, ભારતનું એશિયન ગેમ્સમાં તીરંદાજી અભિયાન સમાપ્ત થયું. આજે વહેલી સવારથી શરૂ કરીને, ભારતે મહિલાઓની વ્યક્તિગત તીરંદાજી કમ્પાઉન્ડ મેચોમાં સુવર્ણ અને કાંસ્ય બંને મેડલ મેળવ્યા હતા. જ્યોતિ સુરેખા વેન્નમે ફાઇનલમાં શાનદાર 149 રન બનાવી સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તેણીએ સાઉથ કોરિયાની ચેવોન સો સામે ફાઈનલ રમી, તમામ પાંચ રાઉન્ડમાંથી પસાર થઈને ચાલુ ગેમ્સમાં પોતાની ત્રીજી જીત મેળવી. જ્યોતિએ આજે ઐતિહાસિક સુવર્ણ ચંદ્રક જીતીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

વધુમાં,અદિતિ ગોપીચંદ સ્વામીએ અનુકરણીય પ્રદર્શન કરી સફળતાપૂર્વક કાંસ્ય ચંદ્રક મેળવ્યો. વર્તમાન વિશ્વ ચેમ્પિયન અદિતિએ ઇન્ડોનેશિયાની રતિહ ઝિલિઝાટી ફધલીને 146-140થી હાર આપી..

. . . . . . . . . . . . . . . . . .

પુલ- રીપીટ